## પ્રકરણ ૨

# જોખમ અને વીમો

---

**અનુક્રમણિકા** **અભ્યાસક્રમ શીખવાના પરિણામ**

---


શીખવાના હેતુ
રજૂઆત
મુખ્ય મુદ્દા

| | |
|---|---|
| ક. જોખમનો ખ્યાલ | ૨.૧ |
| ખ. જોખમના ઘટક | ૨.૨ |
| ગ. જેનો વીમો ઊતરી શકે એવા જોખમ | ૨.૩ |
| ઘ. જોખમ અન્યને સોંપવા | ૨.૪ |
| ચ. જોખમોને એક જગ્યાએ એકઠા કરવા | ૨.૫ |

મુખ્ય મુદ્દા
સવાલજવાબ
સ્વચકાસણી માટેના પ્રશ્નો


## <u>શીખવાના હેતુ</u>

આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ તમે નીચેની બાબતોમાં પાવરધા બની શકશોઃ

- વીમાની દૃષ્ટિએ જોખમનો ખ્યાલ સમજાવવામાં;
- જોખમના મુખ્ય ઘટક સમજાવવામાં;
- કેવા પ્રકારના જોખમના વીમા ઊતારી શકાય છે તે જણાવવામાં;
- જોખમ અન્યને સોંપવાની પ્રક્રિયા તરીકે વીમાનું મહત્વ કેટલું છે તે વર્ણવવામાં;
- જોખમોને પુલ એકાઉન્ટમાં એકઠા(ભેગા) કરવા પાછળનો ખ્યાલ સમજાવવામાં;

## <u>રજૂઆત</u>

પ્રકરણ ૧માં આપણે જોઈ ગયા કે વીમો જોખમને અન્યને સોંપવા પર આધાર રાખે છે અને એક વ્યક્તિ સામે રહેલાં કેટલાક સંભવિત જોખમો પર આપણે ટૂંકમાં નજર નાખી હતી.
આ પ્રકરણમાં આપણે જોખમના પ્રકાર તથા કેવા પ્રકારના જોખમના વીમા ઊતારી શકાય છે તે વધુ ઊંડાણથી જોઈશું, આ ઉપરાંત જોખમ કઈ રીતે અન્યને સોંપવામાં આવે છે અને જોખમોને કઈ રીતે પુલ એકાઉન્ટમાં મૂકવામાં આવે છે તે અંગે પણ થોડુંક વધારે જાણીશું. જો કે એક જીવન વીમા એજન્ટ તરીકે તમારે **માનવ જીવન સાથે સંકળાયેલા જોખમો** અંગે જાણવાનું છે અને આ પ્રકરણમાં આપણે સમગ્ર ધ્યાન આ વિષય પર જ કેન્દ્રીત રાખશું. આમછતાં આપણે સામાન્ય વીમાને લગતાં કેટલાક જોખમો પર પણ નજર નાંખીશું કારણ કે આનાથી તમને જોખમનો ખ્યાલ વિસ્તૃત રીતે સમજવામાં મદદ મળશે.

### મુખ્ય મુદ્દા

આ પ્રકરણમાં નીચેના મુદ્દા અને ખ્યાલોની સમજ આવરી લેવામાં આવી છે.

| જોખમ | જોખમના ઘટક | અચોક્કસતા | સંકટ |
|---|---|---|---|
| મોટું જોખમ | સમાન (એક સરખા) જોખમો | અકસ્માતનું જોખમ | વીમો ઊતારી શકાય એવા જોખમ |
| નાણાંકીય જોખમ | સ્પષ્ટ જોખમ | જોખમ અન્યને સોંપવું | જોખમને પુલ (ખાતા)માં એકઠું કરવું |

# ક: જોખમનો ખ્યાલ

## ક૧: જોખમની વ્યાખ્યા

'જોખમ' શબ્દનો અનેક સંદર્ભોમાં ઉપયોગ થઈ શકે છે. વીમામાં, જોખમ એટલે કેટલીક ચોક્કસ મિલકતો જેનો વીમો ઊતારી શકાય જેમ કે માનવ જીવન, ઘર, કાર વગેરે.

જોખમનો અનેક સંદર્ભોમાં ઉપયોગ થતો હોવાથી તેની કોઈ એક વ્યાખ્યા નથી.

અહીં જોખમની કેટલીક વ્યાખ્યા આપવામાં આવી છેઃ

- જોખમ એટલે નુકસાન અથવા ખોટની શકયતા
- કોઈ સ્થિતિના પરિણામ અંગે શંકાને પણ જોખમ કહેવાય છે.
- કોઈ વસ્તુ અથવા વ્યક્તિ જેનાથી સંકટની શકયતા રહે છે તે પણ જોખમની વ્યાખ્યામાં બેસી શકે છે.

### આ ધ્યાનમાં રાખો. . . . .

જીવન વીમામાં 'જોખમ' શબ્દનો ઉપયોગ પ્રતિકૂળ ઘટના બનવાની શકયતા વર્ણવવા માટે થાય છે, ઉદાહરણ તરીકે, અકાળે **મૃત્યુ** અથવા આકસ્મિક **અપંગતા**

જીવનકાળ દરમિયાન વ્યક્તિ સામે અનેક જોખમો રહેતાં હોય છે જેમાંના કેટલાક નીચે પ્રમાણે છેઃ

## માનવ જીવન સામેના જોખમ

બીમારી - અકાળે મૃત્યુ - અકસ્માત - બેરોજગારી - નિવૃતી બાદ ખૂબ લાંબુ જીવવું

વીમો આ જોખમોના બનાવોને બનતાં અટકાવી શકતો નથી, પરંતુ તે બનાવ સર્જાય તો તેની અસર ઘટાડી શકે છે. જીવન વીમો મુખ્યત્વે બે જોખમો આવરી લે છે - અકાળે મૃત્યુ અને ખૂબ લાંબુ જીવન. માનવ જીવન સાથે સંકળાયેલા અન્ય જોખમોમાં મોટાભાગનાને નોન-લાઈફ ઈન્સ્યૂરન્સ હેઠળ આવરી લેવાય છે. જો કે જીવન વીમા કંપનીઓ - મૃત્યુ અથવા અકસ્માતને કારણે આવતી અપંગતા, બીમારી અને બેરોજગારી જેવા જોખમો આવરી લેવા જીવન વીમા યોજનાઓની સાથે વધારાના લાભ અથવા કલમો પૂરી પાડે છે.

## ઉદાહરણ

રાકેશ ગુપ્તા એક ખાનગી કંપનીમાં સેલ્સ એક્ઝિક્યૂટિવ તરીકે કામ કરે છે. વેચાણના માસિક અને ત્રિમાસિક લક્ષ્યાંકો પૂરા કરવા રાકેશે પોતાના વિસ્તારના રિટેલરોને મળવા વારંવાર પ્રવાસ કરવો પડે છે. ક્યારેક તો તેણે કોઈપણ પ્રકારના આરામ વગર દિવસો સુધી સતત પ્રવાસ કરતાં રહેવું પડે છે.

રાકેશ ગુપ્તા સામે નીચે પ્રમાણેના જોખમો રહેલાં છે જે માટે તેણે વીમા ખરીદવાનું વિચારવું જોઈએ.:

**અકાળે મૃત્યુ** - રાકેશનું કામકાજ ઘણું તાણવાળું છે અને વ્યાપક પ્રવાસ કરવો પડે છે. ભારે તાણને કારણે બીમારી અથવા અક્સ્માતને કારણે અકાળે મૃત્યુનું તેની સામે જોખમ રહેલું છે. રાકેશના વહેલા મૃત્યુના કિસ્સામાં જીવન વીમાની વિવિધ યોજનાઓ તેના પરિવારને રક્ષણ આપી શકે છે.

**અકસ્માત** - વારંવારના પ્રવાસને કારણે રાકેશ સામે અકસ્માતનું જોખમ રહેલું છે જેને પરિણામે તેને કાયમી અથવા કામચલાઉ અપંગતા આવી શકે છે. અપંગતા સામેના લાભની કલમ સાથેની જીવન વીમા યોજના અથવા એક અલગ જ એક્સિડેન્ટલ ડેથ પોલીસિ રાકેશના પરિવારને રાકેશની અપંગતાના કિસ્સામાં રક્ષણ આપી શકે છે.

**બીમારી** - પોતાના તાણવાળા રોજગારને કારણે રાકેશ સામે ગંભીર બીમારીનું પણ જોખમ રહેલું છે. ગંભીર બીમારી સામે આવરણ પૂરું પાડવાની કલમ સાથેની જીવન વીમા યોજના અથવા આરોગ્ય વીમા પોલીસિ રાકેશને બીમારીને કારણે હોસ્પિટલમાં ભરતી થવાનો વારો આવે તો તેના ખર્ચને પહોચી વળવામાં ટેકારૂપ બને છે.

**બેરોજગારી** - જો રાકેશનો અકસ્માત થાય અને તે અપંગ બને તો તેની સામે નોકરી ગુમાવવાનું જોખમ રહેલું છે અને બેરોજગાર બની શકે છે.

**લાંબુ જીવન** - કામકાજ કરતો હતો ત્યાંસુધીના જીવનકાળ દરમિયાન રાકેશને ઉપરમાંના એકપણ જોખમનો સામનો કરવાનો વારો આવે નહી અને રાકેશ નિવૃત્ત થાય ત્યારબાદ તેની સામે લાંબા સમય સુધી જીવવાનું

જોખમ રહેલું છે. તે ખાનગી કંપનીમાં કામ કરતો હોવાથી તેને નિવૃત્તી બાદના માસિક પેન્શનની જોગવાઈનો લાભ નથી હોતો. આમ પોતે જ્યારે કામકાજ  કરીને કમાતો હોય ત્યારે રિટાયરમેન્ટ પેન્શન પ્લાનમાં રોકાણ કરીને નિવૃત્તી સમયે કામ આવે તેટલું ભંડોળ ઊભું કરવાનું રાકેશ માટે જરૂરી છે. નિવૃત્ત થવા પર તે જીવન વીમા કંપની પાસેથી  "વર્ષાસન યોજના"  ખરીદી શકે છે જે હેઠળ તે તેના નિવૃતીના વર્ષો દરમિયાન નિયમિત ધોરણે વર્ષાસનની રકમ મેળવી શકે.

<u>**નોંધઃ**</u> વિવિધ જીવન વીમા યોજનાઓ, આરોગ્ય વીમા યોજના અને કલમો અંગે પછીના પ્રકરણમાં વિગતે ચર્ચા કરીશું.

## આ ધ્યાનમાં રાખો. . . . .

વીમા કંપનીઓ ચોક્કસ પ્રકારના જોખમો સામે જ આવરણ પૂરા પાડે છે. આ જોખમોની યાદી પોલીસિના દસ્તાવેજમાં આપવામાં આવે છે. ચોક્કસ જોખમો સિવાયના અન્ય જોખમો પેટે આવતાં દાવાઓને વીમા કંપની રક્ષણ આપતી નથી.

## <u>સૂચવાયેલી પ્રવૃત્તિ</u>

એક વ્યક્તિ સામે રહેલા જોખમો અંગે અભ્યાસ કર્યા બાદ  તમારા કુટુંબમાં કમાતી વ્યકિત સાથે તે તેની નોકરીને કારણે કેવા પ્રકારના જોખમો ધરાવે છે તે અંગે ચર્ચા કરો. જો  તમે કમાણી કરનાર મુખ્ય વ્યક્તિ હો તો તમે વ્યક્તિગત રીતે કેવા જોખમો ધરાવો છો ?

## <u>ક-૨ઃ જોખમ પ્રત્યેનો દૃષ્ટિકોણ</u>

દરેક વ્યક્તિમાં જોખમ પ્રત્યેનો અભિગમ અલગઅલગ હોય છે. માટે આપણે દરેક જણ જોખમોને અલગઅલગ રીતે પ્રતિસાદ આપીએ છે.

કેટલાક લોકો પોતાના માથે જ જોખમ જાળવી રાખવા માંગતા હોય છે તો કેટલાક સાવધાન બનીને પોતાની સામેના જોખમ વીમા કંપનીને સુપરત કરે છે.

# <u>ખઃ જોખમના ઘટક</u>

જોખમના ઘટકો નીચે પ્રમાણે છેઃ

મોટું જોખમ અને સંકટ
સ્તર
અચોક્કસતા
જોખમ

## ખ૧: અચોક્કસતા

જીવન અનિશ્ચિત હોવાથી આપણું ભાવિ પણ અનિશ્ચિત છે. કોઈ ઘટના બનવાની છે તેવી આપણને અગાઉથી ખબર પડી શકતી હોત તો તેને અટકાવવા અથવા તેના પર જીત મેળવવા આપણે યોજના બનાવી શકતા હોત અને આમ કરીને તેમાં રહેલા જોખમને મર્યાદિત કરી શકતા હોત અથવા નાબૂદ કરી શકતા હોત.

એક સામાન્ય નિયમ તરીકે વીમો એવા જોખમો માટે ઉપલબ્ધ છે જે અનિશ્ચિત હોય છે. આ કથન સામે પ્રશ્ન ઊભો થાય છે કે - આપણને બધાને ખબર છે કે મૃત્યુ નિશ્ચિત છે - તેમ છતાં મૃત્યુ સામે જીવન વીમો ઉપલબ્ધ છે. તો પછી આ કથન કઈ રીતે ખરું કહી શકાય ?

હા, તે ખરું કહી શકાય કારણ કે આપણે મરવાના છીએ એ સાચી વાત છે પરંતુ **ક્યારે** મરવાના છીએ તે નક્કી નથી. સમયની અચોક્કસતાને કારણે જ મૃત્યુ વીમાને પાત્ર બન્યું છે. જ્યારે મૃત્યુનો સમય ખબર પડી જાય, એટલે કે કોઈ વ્યક્તિ જીવલેણ બીમારીથી પીડાતો હોય ત્યારે વીમા કંપની આ જોખમને આવરણ આપશે નહીં. આ કઈ રીતે કામ કરે છે તે નીચેના ઉદાહરણ પરથી સમજી શકાશે.

### ઉદાહરણ:

૧. ઋષભ અગ્રવાલ ૪૦ વર્ષની વયનો વેપારી છે અને તંદૂરસ્ત જીવનશૈલી ધરાવે છે. દરેક સવારે તે યોગા કરે છે અને તેને તમાકૂ, ધૂમ્રપાન તથા દારૂનું કોઈ વ્યસન નથી. તેના કુટુંબના તબીબી ઈતિહાસમાં ડાયાબિટિસ ચાલતું આવે છે તેના માતાપિતા બન્નેને ડાયાબિટિસ છે, પરંતું ઋષભને પોતાને ડાયાબિટિસનું નિદાન થયું નથી. તો શું ઋષભનો જીવન વીમો ઊતરી શકે ખરો ?

   આનો જવાબ છે, **હા.** કારણ કે તે તંદૂરસ્ત જીવનશૈલી ધરાવે છે અને તેનામાં કોઈ બીમારી જણાઈ નથી. તેના મૃત્યુનો સમય અનિશ્ચિત છે.

૨. રાકેશ શર્માને મગજની ગાંઠ થઈ છે અને તે ઘણી અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. તબીબો જાણે છે કે તેઓ તેને બચાવી શકે એમ નથી અને નજીકના ભવિષ્યમાં તેનુ મૃત્યુ નિશ્ચિત છે. તો શું રાકેશને વીમાનું કવચ મળશે ખરું ?

   આનો જવાબ **ના** છે, કારણ કે રાકેશનું ટૂંક સમયમાં જ મૃત્યુ નિશ્ચિત છે તેને ધ્યાનમાં રાખી જીવન વીમા કંપનીઓ તેને વીમાનું કવચ પૂરું પાડવાનું જોખમ ઉઠાવશે નહી.

## ખ-૨: જોખમનું સ્તર

કંઈ બનવાનું છે એવી આપણને જાણ હોય છે ત્યારે તેમાં જોખમના સ્તરનો મુદ્દો આવે છે.

સામાન્ય રીતે જોખમનું સ્તર નીચેના ધોરણોને આધારે આકારવામાં આવે છે.

- કોઈ ચોક્કસ ઘટના બનવાની **શક્યતા (અથવા ફ્રીકવન્સી)** અને
- જો ઘટના બને તો તેની **માત્રા (ગંભીરતા)** કેટલી હશે

## ફ્રીકવન્સી

ચોક્કસ વ્યક્તિ એક વર્ષની અંદર મૃત્યુ પામશે તેની શકયતાની ગણતરી એકચ્યુઅરીસ દ્વારા ભૂતકાળના ડેટા પરથી કરવામાં આવે છે અને તેને મરણના પ્રમાણના (મૃત્યુદર) કોષ્ટક તરીકે ઉપલબ્ધ બનાવવામાં આવે છે. આને આધારે વીમા કંપનીઓ વિવિધ સંજોગો હેઠળ બનતી ચોક્કસ ઘટનાની શકયતા, જેમ કે મૃત્યુનો અંદાજ મેળવી શકે છે.

વ્યક્તિ સામે જીવનના જોખમની શકયતા તેમની વય, તબીબી સુવિધા, પરિવારનો તબીબી ઈતિહાસ, જીવનશૈલી, કામકાજ વગેરે પ્રમાણે અલગઅલગ હોય છે.

મરણના પ્રમાણનો દર એટલે ચોક્કસ વય જૂથની વ્યક્તિઓમાં મૃત્યુનો સરેરાશ દર જે વસ્તિના કેટલાક ભાગને સેમ્પલ તરીકે લઈ કાઢવામાં આવ્યો હોય છે.

## ઉદાહરણ

આપણે બે અલગઅલગ વય જૂથના ૧૦૦ વ્યક્તિના જૂથ પર નજર કરશું. પ્રથમ જૂથ ૩૦-૩૯ની વચ્ચેની વય ધરાવતી વ્યક્તિઓનું છે. આમાંનો એક વ્યકિત ૩૧ વર્ષની વય પહેલાં મૃત્યુ પામે છે. આમ આ વયની વ્યકિતમાં મૃત્યુની શકયતાનો દર એક ટકો અથવા ૧૦૦માં ૧ ફ્રીકવન્સીનો છે. બીજુ જૂથ ૬૦-૬૯ વર્ષની વચ્ચેનું છે. આમાંના ૧૫ વ્યક્તિ (૧૫ ટકા) ૬૧ વર્ષની વય પહેલાં મૃત્યુ પામે છે. આમ બીજા જૂથમાં મૃત્યુની ફ્રીકવન્સી પ્રથમ જૂથ કરતાં વધુ છે.

## ગંભીરતા

જો વીમા હેઠળની ઘટનાઓ ખરેખર બને તો દાવાની કેટલી રકમ ચૂકવવાની આવે તે જાણવાનો વીમા કંપનીઓનો પ્રયાસ નુકસાનના સૂચિત વ્યાપ પર આધારિત હોય છે.

## આ ધ્યાનમાં રાખો. . . . .

જીવન વીમા કંપનીઓ જોખમનું સ્તર ભૂતકાળના ડેટા (દાવાના અનુભવ)ને આધારે નક્કી કરે છે. જો ભૂતકાળના ડેટા એવા સંકેત આપે કે ચોક્કસ વય જૂથની (કહો કે ૬૦-૭૦ વર્ષ) અંદરની વ્યક્તિ હ્રદયરોગના હુમલાની વધુ શકયતા ધરાવે છે તો, આવી વય જૂથના લોકો માટે જોખમનું સ્તર ઊંચું ગણી શકાશે.

## ઉદાહરણ

૨૨મી મે ૨૦૧૦ના રોજ એર ઈન્ડિયા એકસપ્રેસ વિમાન ૮૧૨ (દૂબઈ-મેંગ્લોર) તૂટી પડવાને કારણે તેમાં પ્રવાસ કરી રહેલા ૧૫૮ ઊતારુઓ મૃત્યુ પામ્યા હતા. એર ઈન્ડિયા માટે વીમાનો કુલ દાવો દૂર્ઘટનાના ભોગ બનેલા માટે કરોડો રૂપિયામાં જવાની ધારણાં રખાતી હતી.

વિમાનના વીમાનો પ્રકાર નીચી ફ્રિકવન્સી પરંતું ઊંચી ગંભીરતાવાળો લેખાવી શકાય કારણ કે વિમાન તૂટી પડવાની શકયતા ઓછી હોય છે પરંતું તે તૂટી પડે છે ત્યારે તેનાથી થતાં નુકસાનની માત્રા ઊંચી હોય છે.

## ખ૩: મોટું જોખમ અને સંકટ

જોખમનું આ અંતિમ પાસું છે અને તે નુકસાનના કારણો સાથે સંબંધ ધરાવે છે.

મોટું જોખમ એટલે ચોક્કસ ઘટના જેનાથી ખોટ જઈ શકે છે. આ ખોટ જીવન અથવા પ્રોપર્ટીના નાશના રૂપમાં હોઈ શકે છે. ભૂકંપ, તોફાન, પૂર વગેરે જેવી કુદરતી દૂર્ઘટના એ મોટા જોખમ છે જે જીવનનો નાશ કરે છે અને અસ્કયામતોને નુકસાન કરે છે.

મોટા જોખમનો વીમો ઊતરી શકે છે. એટલે કે એક વ્યક્તિનું પોલીસિની મુદત દરમ્યાન જ મૃત્યુ થવાનું જોખમ. બીજી બાજુ **સંકટ,** એવી સ્થિતિ હોય છે જે મોટું જોખમ આવવાની શકયતા વધારે અથવા તે આવે તો તેની અસર વધુ ગંભીર બનાવે.

### આ ધ્યાનમાં રાખો. . . . .

સંકટ જોખમી પરિબળોથી પ્રભાવિત થઈ શકે છે.

### દૃષ્ટાંત

જો ફેફસાનું કેન્સર સંકટ છે તો ધૂમ્રપાન એ મોટું જોખમ છે જે ફેફસાનું કેન્સર (સંકટ) લાવે છે.

### વ્યવહારિક ઉદાહરણ

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ ભારતના ઈતિહાસમાં ભયાનક કહી શકાય એવો ભૂકંપ ગુજરાતમાં થયો હતો. આ હોનારતમાં હજારો લોકોએ પોતાના જાન ગુમાવ્યા હતા. લાખો લોકો ઈજા પામ્યા હતા અને કરોડો રૂપિયાની મિલકતનો નાશ થયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિન્દુ પશ્ચિમ ગુજરાતના ભૂજ શહેરના ઉતરપૂર્વ તરફ હતું.

આ કિસ્સામાં ભૂકંપ એ સંકટ હતું અને નબળા બાંધકામવાળા ઘરો અને શાળાની ઈમારતો જે ભૂકંપ સામે ટકવાની શક્તિ ધરાવતાં નહોતા અને આસાનીથી તૂટી પડયા હતા તે મોટા જોખમ હતા.

આજરીતે સુનામીના કિસ્સામાં (૨૬ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ જોવા મળી હતી તેવી) જેમાં જીવન અને માલમત્તાને વ્યાપક નુકસાન થાય છે તેમાં સુનામી સંકટ ગણાય છે જ્યારે દરિયાકિનારે બંધાયેલા રહેઠાણો અને ઇમારતો જે ધોવાઈ જાય છે અને તેમાં રહેનારા તણાઈ જાય છે તેને મોટા જોખમ કહેવાય.

એ યાદ રાખો કે વીમો સંકટને આવતું અટકાવી શકતો નથી પરંતુ તેને પરિણામે જાનમાલને થતાં નુકસાન સામે વીમો ઊતારી શકાય છે.

### જોખમના પ્રકારો

જોખમને નીચેના પ્રકારોમાંથી એકમાં વર્ગીકૃત કરી શકાય છે.

## <u>શારીરિક જોખમ</u>

શારીરિક જોખમ એટલે જોખમની માત્રા અને ગુણવત્તા

**<u>ઉદાહરણ</u>**: એક કુટુંબમાં ચાલી આવતી હ્રદયરોગ, ઊંચું બ્લડ પ્રેશર વગેરે બીમારીને શારીરિક જોખમ કહેવાય છે.

## <u>નૈતિક જોખમ</u>

એક વ્યક્તિની આદતો અને પ્રવૃતિ જે જોખમો વધારે છે તેને નૈતિક જોખમ કહેવાય છે. માનસિક સ્થિતિને કારણે પણ તે ઊભા થઈ શકે છે, એટલે કે વ્યક્તિનું વલણ અને વર્તાવ.

**<u>ઉદાહરણ:</u>** દારૂનું સેવન, ધૂમ્રપાન કરવું વગેરે.

જીવન વીમાના કિસ્સામાં કંપનીઓ વ્યક્તિઓને તેમની સામે રહેલા જોખમને આધારે ઊંચા અથવા નીચા જોખમ સાથેના પોલીસિધારકો તરીકે વર્ગીકૃત કરે છે. પોલીસિધારક પોતાની અસ્કયામતના પણ જો વીમા ઊતારવા માંગતા હોય તો તેને પણ આ વર્ગીકરણ લાગુ થાય છે. વ્યક્તિને નુકસાન કરી શકે એવા કેટલાક મોટા જોખમો જે **ઊંચા જોખમ**ની શ્રેણીમાં મૂકી શકાય તે નીચે પ્રમાણે છેઃ

**<u>જોખમી  રોજગાર:</u>** કોઈ વ્યક્તિએ જોખમી સ્થિતિમાં કામ કરવુ પડતું હોય તો તેની સામે જોખમની શકયતા વધે છે. ઉદાહરણ તરીકે એક વ્યક્તિ રસાયણ અથવા વિસ્ફોટકોના કારખાનામાં કે પછી ભૂગર્ભ ખાણ વગેરેમાં કામ કરે છે તે આઈટી કે બેન્કમાં કામ કરતાં કર્મચારીની સરખામણીએ વધુ જોખમ ધરાવે છે.
**<u>વર્તમાન આરોગ્ય સ્થિતિ:</u>** જો કોઈ વ્યક્તિમાં ઊંચા બ્લડ પ્રેશર અથવા ડાયાબિટીસનું નિદાન થયું હોય તો તેઓ જેમનામાં કોઈ બીમારી નથી તેમની સરખામણીએ વધુ જોખમવાળી વ્યક્તિ ગણી શકાય.
**<u>વ્યક્તિની જીવનશૈલી:</u>** કોઈ વ્યક્તિ તંદૂરસ્ત જીવનશૈલી જીવતો હોય એટલે કે જેને ભારે ધૂમ્રપાન કે દારુ પીવાની આદત ન હોય તેની સામે જોખમ ઓછું હોય છે જ્યારે આનાથી વિપરીત જે લોકો ભારે ધૂમ્રપાન કે દારુનું વ્યસન ધરાવે છે તેમની સામે ઊંચું જોખમ રહેલું છે.
**<u>વ્યક્તિની વય:</u>** વીમો મેળવવા માંગતા મોટી વયના વ્યક્તિને યુવા વયની વ્યક્તિ કરતાં વધુ જોખમી ગણવામાં આવે છે.

જો કોઈ વ્યક્તિ ઊંચા જોખમમાં વર્ગીકૃત કરાઈ હોય ત્યારે વીમા કંપની તેની દરખાસ્ત સ્વીકારી અથવા નકારી શકે છે. ઊંચા જોખમ સાથેની દરખાસ્તો સામાન્ય શરતો કરતાં ઊંચી શરતો જેમ કે પ્રીમિયમના ઊંચા દર, વીમાની રકમમાં મર્યાદા, મુદતમાં મર્યાદા અથવા હક્ક (લીયન) સાથે સ્વીકારવામાં આવે છે. આ વિષય પર આપણે પ્રકરણ ૪માં વિગતવાર જોઈશું.

## વિચારો

વ્યક્તિના જીવનમાં ઊભા થઈ શકે એવા ત્રણ સંકટ શોધી કાઢો. એવા કયા મોટા જોખમો છે જે આ સંકટ ઊભું કરવા માટે કારણભૂત બની શકે છે.

**<u>પ્રશ્ન ૨.૧</u>**

મોટા જોખમો અને સંકટ વચ્ચે શું ફરક છે ?

# ગઃ જેનો વીમો ઊતરી શકે એવા જોખમ

નીચે જણાવ્યા મુજબના જોખમોના વીમા ઊતારી શકાય છે.

- નાણાંકીય જોખમો
- સ્પષ્ટ જોખમ
- ચોક્કસ પ્રકારના જોખમો

## ગ૧: નાણાંકીય જોખમો

જે જોખમોના પરિણામોનું નાણાંકીય રૂપમાં માપ કાઢી શકાય છે તેને નાણાંકીય જોખમો કહેવાય છે. કેટલાક નાણાંકીય જોખમો જેને માટે વ્યક્તિએ આયોજન કરવાનું રહે છે તે નીચે પ્રમાણે છેઃ

**<u>જીવનનો નાશ</u> - આનો અર્થ નાણાંકીય જવાબદારીઓ પૂરી કર્યા વગર પરિવારની કમાતી વ્યક્તિના મૃત્યુનું જોખમ**

- મૃત્યુ બાદ પરિવારજનો માટે સ્થિર આવકનું સાધન પૂરું પાડવા.
- મૃત્યુ થઈ જાય તો રહેઠાણની લોન, કાર લોન વગેરે જેવી વિવિધ નાણાંકીય જવાબદારીઓ પાર પાડવા પરિવારજનોને મદદ કરવા.

**<u>બીમારી/અપંગતા</u> - તબીબી ખર્ચ અને આવક ગુમાવવાનો આમાં સમાવેશ થાય છે.**

- ઊભા થનારા કોઈપણ તબીબી ખર્ચને પહોંચી વળવાની જોગવાઈ કરવા
- બીમારી/અપંગતાને કારણે કામ કરવાને શક્તિમાન ન રહે તેવા કિસ્સામાં નાણાંકીય સલામતિ પૂરી પાડવા

**<u>બચતમાં વધારો</u>**

- બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે જોગવાઈ કરવા
- બાળકોના લગ્નના ખર્ચ માટે જોગવાઈ કરવા
- વેપાર વગેરે માટે પ્રારંભિક મૂડી પૂરી પાડવા

**<u>નિવૃત્તી</u> - આ નિવૃત્તીના કાળમાં અપૂરતી આવકના જોખમ સંબંધિત છે.**

- નિવૃત્તીના સમયમાં આરામથી જીવી શકાય માટે પૂરતી મૂડી એકઠી કરવા
- નિવૃત્તીના સમયમાં સ્થિર આવકના સ્રોત પૂરા પાડવા

## <u>ઉદાહરણ</u>

રાઘવ મિશ્રા એક એકાઉન્ટન્ટ છે અને તે સ્થાનિક પેઢીમાં કામ કરે છે. તેને બે બાળકો છે. તેની પત્ની કાવ્યા ગૃહિણી છે. તેના વૃદ્ધ પિતા સુહાસ તેમની સાથે જ રહે છે. સુહાસ ખેડૂત છે અને તે થોડીઘણી ખેતજમીન ધરાવે છે. આમછતાં ખેતી મારફતની આવક તેના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી નથી , માટે તેણે રાઘવ પર નિર્ભર રહેવું પડે છે.

પરિવારની મુખ્ય કમાનાર વ્યકિત તરીકે રાઘવના માથે ભવિષ્યની વિવિધ આકસ્મિક ઘટનાને પહોંચી વળવા માટે જોગવાઈ કરવાની જવાબદારી છે, જેમ કે:

● **<u>જીવનનો નાશ</u>**- રાઘવે એ ખાતરી રાખવાની રહે છે કે તેને કંઈ થઈ જાય તો તેની પત્ની, બાળકો અને પિતાને નિયમિત આવક મળી રહે. આ આવક એટલી હોવી જોઈએ જેનાથી પરિવારના દૈનિક જીવનના ખર્ચ, બાળકોની સ્કૂલ ફી, પિતાની દવાઓના ખર્ચ વગેરેને પહોંચી વળી શકાય.
● **<u>બીમારી/અપંગતા</u>**- રાઘવ સામે અકસ્માત થવાનું અને તેમાં અપંગતાને કારણે કામ નહી કરી શકવાનું જોખમ રહેલું છે. આ જોખમ સામે રક્ષણ મેળવવા, તેની પાસે તબીબી ખર્ચ તથા દૈનિક જીવન નિર્વાહ માટે પૂરતું ભંડોળ હોવું જરૂરી છે.
● **<u>બચતમાં વધારો</u>**- ભંડોળના અભાવે બાળકના શિક્ષણને અસર ન થાય તેની રાઘવે ખાતરી રાખવાની રહે છે માટે તેણે બાળકોના ઊચ્ચ શિક્ષણ અને લગ્નના ખર્ચને પહોંચી વળવા બચત કરવી જરૂરી છે.
● **<u>નિવૃત્તી</u>**- નિવૃત્તીના સમયમાં તબીબી અને અન્ય જીવન નિર્વાહના ખર્ચને પહોંચી વળી શકાય એટલી સ્થિર આવક થતી રહે તેની પણ રાઘવે ખાતરી રાખવાની રહે છે.

### પ્રશ્ન ૨.૨

એવા કયા નાણાંકીય જોખમો છે જે માટે વ્યક્તિએ યોજના ઘડવાની રહે છે ?

## <u>ગ -૨: સ્પષ્ટ જોખમ</u>

સ્પષ્ટ જોખમ એટલે એવા જોખમ જ્યાં નફો કરવાની કોઈ શકયતા નથી હોતી. સ્પષ્ટ જોખમમાં નુકસાન હોઈ શકે છે અને એક ઘટના બને તે તેનું શ્રેષ્ઠ શકય પરિણામ છે.
સ્પષ્ટ જોખમમાં વીમા હેઠળની ઘટના બનવાને પરિણામે લાભની શકયતા શૂન્ય છે. આવા પ્રકારના જોખમ એવી ઘટનાઓ સાથે સંકળાયેલા છે જે વ્યકિતના સંપૂર્ણ નિયંત્રણની બહાર હોય.

## <u>ગ૩: ચોક્કસ જોખમો</u>

ચોક્કસ જોખમોની અસર વ્યક્તિગત અથવા સ્થાનિક હોય છે. આ જોખમોના પરિણામો ચોક્કસ વ્યક્તિ અથવા સ્થાનિક સમાજને અસર કરે છે.

# ઘ: જોખમ અન્યને સોંપવા

આપણે પ્રકરણ ૧માં જોઈ ગયા તેમ વીમાની મુખ્ય કામગીરી જોખમને એક વ્યક્તિ તરફથી વીમા કંપની તરફ વાળવાની છે. વીમા કંપની જે જોખમ ઉઠાવે છે તેને **ઈન્સ્યૂરર** (વીમો ઊતારનાર) અને વ્યક્તિ જે જોખમ સોંપે છે તે **ઈન્સ્યૂઅર્ડ** (વીમો ઊતરાવનાર) કહેવાય છે.
જોખમ સુપરત કરવાથી વીમાધારકને, તેને અથવા તેની નાણાંકીય અસ્કયામતોને કંઈ થશે તો, પોલીસિની મુદતો અને શરતો પ્રમાણે વીમા કંપની દ્વારા નુકસાન ભરપાઈ કરી અપાશે એવી નાણાંકીય સલામતિની ભાવના પૂરી પડે છે. જોખમ સુપરત કરવાની સામે વીમાધારકે વીમા કંપનીને ચોક્કસ રકમ ચૂકવવાની રહે છે જેને પ્રીમિયમ કહેવાય છે.

# ચ: જોખમોને પુલ એકાઉન્ટમાં જમા કરવા

જોખમનું પુલીંગ એ વીમાનો મૂળભૂત સિદ્ધાંત છે.

જોખમના પુલીગ દ્વારા વીમા કંપની તેણે વીમાધારકો પાસેથી એકઠા કરેલા પ્રીમિયમને પુલ કરી પોતે પણ આવા પ્રકારના જોખમો સામેથી સુરક્ષિત બને છે. વીમા કંપની વિવિધ પ્રકારના જોખમો માટે વિવિધ પુલ્સ ધરાવે છે.

## ઉદાહરણ

વીમા કંપની દ્વારા નીચેની બાબતો માટે અલગઅલગ પુલ જાળવવામાં આવે છેઃ
- જીવન વીમા;
- કાર વીમા;
- ઘરના વીમા; અને
- પ્રવાસ વીમો

વીમાધારકો પાસેથી એકઠા કરાતા પ્રીમિયમ પુલ એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે. જ્યારે કોઈ દાવાની પતાવટ કરવાની હોય છે ત્યારે તે આ પુલમાંથી થાય છે. વીમા કંપનીએ ખાતરી રાખવાની રહે છે કે તેના દ્વારા વસૂલાતું પ્રીમિયમ દાવાની ચૂકવણી કરવા માટે પૂરતું હોય. વીમા કંપની દ્વારા જે પ્રીમિયમ વસૂલવામાં આવે છે તે પુલને જાળવવા પેટેના વહીવટી તથા અન્ય ખર્ચને પહોંચી વળવા માટે પૂરતાં હોવા જોઈએ. વીમા કંપની પ્રીમિયમમાં ચોક્કસ ટકાવારીનો નફો પણ આવરી લે છે.

## પ્રશ્ન ૨.૩

વીમામાં જોખમનું પુલીંગ એટલે શું ? કાર વીમા અને જીવન વીમા માટે દાવાની ચૂકવણી કરવા સમાન પુલનો ઉપયોગ કરી શકાય કે કેમ ?

## ૨૧: મોટી સંખ્યાનું ધોરણ

કુલ વાર્ષિક દાવાના ખર્ચનો અંદાજ મેળવવા વીમા કંપનીઓ 'લૉ ઓફ લાર્જ નંબર્સ' અપનાવે છે. મોટી સંખ્યાના લોકો એકસમાન જોખમ માટે વીમો ઊતરાવે તો વીમા કંપની દાવાની ચોક્કસ માત્રાની રકમની શકય ચૂકવણીનો અંદાજ મેળવે છે.

## ઉદાહરણ

**વીમા કંપની દ્વારા વીમો ઊતારાયેલ ૧૦૦૦ વ્યક્તિમાંથી, જો મૃત્યુની શકયતા ૧ ટકો હોય તો, કંપનીએ દસ વ્યક્તિને દાવો ચૂકવવાનો વારો આવશે.**

પોલીસિની મુદતથી વધુ સંખ્યાના દાવાની ચૂકવણીની  પોતાની અપેક્ષા પ્રમાણે વીમા કંપની પોતાના પ્રીમિયમના દર નક્કી કરે છે.

## મુખ્ય મુદ્દા

આ પ્રકરણમાં આવરી લેવાયેલા મુખ્ય વિચારોને ટૂંકમાં નીચે પ્રમાણે વર્ણવી શકાય છે.

## જોખમની કલ્પના

● વીમામાં જોખમનો ઉપયોગ ચોક્કસ અસ્કયામતના સંદર્ભે થાય છે જેનો વીમો ઉતરી શકે છે જેમ કે માનવ જીવન, રહેઠાણ, કાર વગેરે.
● જોખમ એટલે કોઈ ચોક્કસ ઘટના બનવાને પરિણામે એક વ્યક્તિ સામે રહેલી નુકસાનની શકયતા.

## જોખમના ઘટકો

● જોખમના ઘટકોમાં અચોક્કસતા, જોખમના સ્તર, સંકટ અને મોટા જોખમનો સમાવેશ થાય છે.
● એક સામાન્ય નિયમ તરીકે વીમો માત્ર એવા જોખમો માટે ઉપલબ્ધ હોય છે જે અચોક્કસ હોય છે.
● જોખમના સ્તર બે ધારાધોરણોને આધારે નક્કી કરી શકાય છેઃ ચોક્કસ ઘટના બનવાની શકયતા અને આ ઘટના બનવાથી થનારા નુકસાનની માત્રા
● સંકટ એટલે ચોક્કસ ઘટના જે નુકસાન પહોંચાડી શકે છે, મોટું જોખમ એટલે જેનાથી સંકટ ઊભું થઈ શકે.
● મોટા જોખમને શારીરિક તથા નૈતિક એમ બે રીતે વર્ગીકૃત કરી શકાય છે.

## વીમા પાત્ર જોખમો

● જે જોખમોના પરિણામોનું નાણાંકીય રૂપમાં માપ કાઢી શકાય છે તેને નાણાંકીય જોખમો કહેવાય છે.

● સ્પષ્ટ જોખમ એટલે એવા જોખમ જ્યાં નફો કરવાની કોઈ શકયતા નથી હોતી. સ્પષ્ટ જોખમમાં નુકસાન હોઈ શકે છે અને એક ઘટના બને તે તેનું શ્રેષ્ઠ શકય પરિણામ છે.

● ચોક્કસ જોખમોની અસર વ્યક્તિગત અથવા સ્થાનિક હોય છે

## જોખમનું પુલીંગ

● જોખમના પુલીંગ દ્વારા વીમા કંપની તેણે વીમાધારકો પાસેથી એકઠા કરેલા પ્રીમિયમને પુલ કરી પોતે પણ આવા પ્રકારના જોખમો સામેથી સુરક્ષિત બને છે

●દાવાના કુલ ખર્ચને નક્કી કરવા વીમા કંપની 'લૉ ઓફ લાર્જ નંબર્સ' અપનાવે છે.

## સવાલજવાબ

૨.૧ સંકટ એટલે ચોક્કસ ઘટના જે નુકસાન પહોંચાડી શકે છે. આ નુકસાન માનવ જીવન અથવા પ્રોપર્ટીના રૂપમાં હોઈ શકે છે. કુદરતી હોનારતો જેમ કે ભૂકંપ, વાવાઝોડું, પૂર વગેરે દરેક સંકટો છે જે અસ્કયામતોને નુકસાન પહોંચાડે છે અને જીવનનો નાશ કરે છે. સંકટ એવા જોખમો છે જેની માટે વીમા ઉતરી શકે છે. એટલે કે એક વ્યક્તિનું તેની પોલીસિની મુદત દરમિયાન મૃત્યુ થવાનું જોખમ.
બીજી બાજુ મોટું જોખમ એટલે સંકટ ઊભા થવાની શકયતા વધારે તેવી સ્થિતિ અથવા તો સંકટ સર્જાય તો તેની અસર વધુ ઘેરી બનાવતી સ્થિતિ.
મોટું જોખમ એટલે જેનાથી સંકટ ઊભું થઈ શકે.

૨.૨ મુખ્ય નાણાંકીય જોખમો જેને માટે વ્યક્તિએ યોજના કરવી પડે છે તે નીચે પ્રમાણે છેઃ

૧) **<u>જીવનનો નાશ</u>** - આનો અર્થ પરિવારમાં કમાતી વ્યક્તિનું નાણાંકીય જવાબદારીઓ પૂરી કર્યા વગર મૃત્યુનું જોખમ

● મૃત્યુ બાદ પરિવારજનો માટે સ્થિર આવકનું સાધન પૂરું પાડવા.

● મૃત્યુ થઈ જાય તો રહેઠાણની લોન, કાર લોન વગેરે જેવી વિવિધ નાણાંકીય જવાબદારીઓ પાર પાડવા પરિવારજનોને મદદ કરવા.

### ૨) <u>બીમારી/અપંગતા</u> - તબીબી ખર્ચ અને આવક ગુમાવવાનો આમાં સમાવેશ થાય છે.

● ઊભા થનારા કોઈપણ તબીબી ખર્ચને પહોંચી વળવાની જોગવાઈ કરવા

● બીમારી/અપંગતાને કારણે કામ કરવાને શક્તિમાન ન રહે તેવા કિસ્સામાં નાણાંકીય સલામતિ પૂરી પાડવા

### ૩) <u>બચતમાં વધારો</u>

● બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે જોગવાઈ કરવા

● બાળકોના લગ્નના ખર્ચ માટે જોગવાઈ કરવા

● વેપાર વગેરે માટે પ્રારંભિક મૂડી પૂરી પાડવા

૪) **<u>નિવૃત્તી</u>** - આ નિવૃત્તીના કાળમાં અપૂરતી આવકના જોખમ સંબંધિત છે.

● નિવૃત્તીના સમયમાં સ્થિર આવકના સ્રોત પૂરા પાડવા

● નિવૃત્તીના સમયમાં આરામથી જીવી શકાય માટે પૂરતી મૂડી એકઠી કરવા

૨.૩ જોખમના પુલીગ દ્વારા વીમા કંપની તેણે વીમાધારકો પાસેથી એકઠા કરેલા પ્રીમિયમને પુલ કરી પોતે પણ આવા પ્રકારના જોખમો સામેથી સુરક્ષિત બને છે. વીમા કંપની વિવિધ પ્રકારના જોખમો માટે વિવિધ પુલ્સ ધરાવે છે.

● જીવન વીમા માટેનું પુલ એકાઉન્ટ કાર વીમા માટેના પુલ એકાઉન્ટ કરતાં અલગથી જાળવવામાં આવે છે.

● એક જોખમ માટેના પુલ એકાઉન્ટનો અન્ય પ્રકારના જોખમના દાવાની પતાવટ માટે ઉપયોગ થઈ શકતો નથી.

## સ્વચકાસણી પ્રશ્નો

૧. જોખમના મુખ્ય ઘટકો જણાવો
૨. વીમો ઊતારી શકાય એવા જોખમો જણાવો

**આના ઉત્તર તમને પછીના પૃષ્ઠ પર મળશે.**

## સ્વચકાસણી પ્રશ્નોત્તરી

૧. જોખમના મુખ્ય ઘટકો એટલે
- અચોક્કસતા
- જોખમનું સ્તર અને
- સંકટ અને મોટું જોખમ

૨. નીચે જણાવેલ જોખમોનો વીમો ઊતારી શકાય છે.
- નાણાંકીય જોખમો
- સ્પષ્ટ જોખમ અને
- ચોક્કસ પ્રકારના જોખમો